# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ઉદ્યોગ અને વેપારને લગતા પ્રશ્નોનું યોગ્ય નિવારણ લાવવું તે સરકારનો સંકલ્પ.**
2. **શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જણાવ્યું, રાજ્યની શાળાના બાંધકામની ગુણવત્તા સામે નરમ વલણ રાખનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે.**
3. **રાજ્યના શ્રમિકોને આગામી વર્ષે મનરેગા યોજના હેઠળ કુલ 516 લાખ માનવદિન રોજગારી અપાશે.**
4. **લોકોને પાણીના મહત્વ અંગે માહિતગાર કરવા આજે ‘વિશ્વ જળ દિવસ’ની ઉજવણી.**
5. **રાજ્યમાં 24 કલાક બાદ ગરમી વધવાની હવામાન ખાતાની આગાહી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BUSINESS MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ઉદ્યોગ અને વેપારને લગતા પ્રશ્નોનું યોગ્ય નિવારણ લાવવું તે સરકારનો સંકલ્પ છે. શ્રી પટેલે ગઈકાલે ગાંધીનગરમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં ઉદ્યોગ અને વેપાર સાથે સંકળાયેલા 100થી વધુ ઉદ્યોગ-વેપાર સંગઠનો, ઔદ્યોગિક વસાહતોના મંડળો તથા એસોસિએશનના પદાધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

બેઠકમાં ઔદ્યોગિક વેપાર વાણિજ્ય સંગઠનોએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- G.I.D.C. વસાહતના અને ડબલ ટેક્સેશનના પ્રશ્નો, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ- M.S.M.E.ને સિંગલ વિન્ડો સિસ્ટમનો લાભ, એન્વાયરમેંન્ટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ, ઉદ્યોગના સ્થળે અકસ્માતના કિસ્સામાં ઉદ્યોગકાર સામે લગાવાતી શિક્ષાત્મક કલમ 304-એ દૂર કરવી, સાણંદ G.I.D.C.માં હૉસ્પિટલ, શાળા, ફાયર સ્ટેશન જેવી પાયાની સુવિધા વધુ સંગીન બનાવવા સહિતના પ્રશ્નો શ્રી પટેલ સમક્ષ રજૂ કર્યા હતા.

# VAN DIVAS BETHAK

ગાંધીનગરના અરણ્ય ભવન ખાતે ગઈકાલે આંતર-રાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે અગ્ર મુખ્ય વન સંરક્ષક એ. પી. સિંહની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ, જેમાં વન કર્મચારીઓ અને અધિકારીઓએ આગામી વર્ષે

કરવાની કામગીરીનું આયોજન કર્યું. આ ઉપરાંત તેમને જંગલોના સંરક્ષણ અને સંવર્ધનને સહિયારી જવાબદારી સમજી આગામી સમયમાં તે દિશામાં કામ કરવા જણાવાયું હોવાનું અગ્ર મુખ્ય વન સંરક્ષક એ. પી. સિંહે જણાવ્યું હતું.

(બાઈટઃ એ. પી. સિંહ, અગ્ર મુખ્ય વન સંરક્ષક)

# PRAFUL PANSHERIYA

રાજ્યની કોઈ પણ શાળાના બાંધકામની ગુણવત્તા સામે નરમ વલણ રાખનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે એમ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જણાવ્યું હતું. જુનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ખજુરી હડમતિયા ગામમાં આવેલી પ્રાથમિક શાળાના નબળા બાંધકામ અંગે ગ્રામજનોએ 19 માર્ચે શ્રી પાનશેરિયાને ફરિયાદ કરી હતી. ત્યારબાદ શ્રી પાનશેરિયાએ સમગ્ર શિક્ષા કચેરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

શ્રી પાનશેરિયાએ કહ્યું, રાજ્યની શિક્ષણ ઇમારતોના બાંધકામમાં નબળી ગુણવત્તા નહીં ચાલે. શિક્ષણની અંદર ગેરવહીવટ કે ગેરરીતિ સાખી લેવાશે નહીં; તાત્કાલિક સરકાર કાર્યવાહી કરશે. રાજ્યની જે શાળાનું કામ નબળું હશે તે બાંધકામ તોડી પડાશે તેમ પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું હતું.

# MNREGA ROJGARI

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની ચાર હજાર 700 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી. દરમિયાન ગ્રામ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ ગૃહમાં જણાવ્યું, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ લાભાર્થીઓને હવે રાજ્ય સરકાર દ્વારા વધારાની 50 હજાર રૂપિયાની સહાય અપાશે. આ સાથે જ રાજ્યના શ્રમિકોને આગામી વર્ષે મહાત્મા ગાંધી ગ્રામીણ બાંહેધરી યોજના- મનરેગા હેઠળ કુલ 516 લાખ માનવદિન રોજગારી અપાશે.

શ્રી હળપતિએ ઉમેર્યું, વર્ષ 2025-26 દરમિયાન રાજ્યમાં વધુ પાંચ હજાર 950 સ્વસહાય જૂથની રચના કરાશે. ઉપરાંત સહાય યોજના હેઠળ આ જૂથની મહિલાઓની બૅન્ક ધિરાણ માટેની બાંહેધરી સરકાર પોતે લેશે.

# BHANUBEN BABARIYA GNLU

રાજ્યનાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરની ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી- GNLU ખાતે લૉન તથા સહાય વિતરણ સમારોહ યોજાશે. આ પ્રસંગે અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ તથા અન્ય નિગમોની યોજનાના ત્રણ લાખ 99 હજારથી વધુ લાભાર્થીઓને 500 કરોડ રૂપિયાથી વધુના લાભનું વિતરણ કરાશે.

આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને આણંદ એમ કુલ આઠ જિલ્લાના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાશે એમ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની યાદીમાં જણાવાયું છે.

# WATER DAY

લોકોને પાણીના મહત્વ અંગે માહિતગાર કરવા આજે 22 માર્ચે વિશ્વ જળ દિવસની ઉજવણી કરાશે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ 1993થી દર વર્ષે આજના દિવસે જળ દિવસની ઉજવણી કરાય છે. સાંભળીએ એક અહેવાલ.

*(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)*

*(રાજ્યમાં છેલ્લા અઢી દાયકામાં 70 લાખ હેક્ટરની સિંચાઈ ક્ષમતામાંથી 61 લાખથી વધુ હેક્ટરનો કાર્યક્ષમ ઉપયોગ કરાયો છે. આ ઉપરાંત, એક લાખ 87 હજારથી વધુ ચેક ડૅમના નિર્માણથી ભૂગર્ભજળ રિચાર્જ અને ટકાઉ પાણી પુરવઠો સુનિશ્ચિત થયો છે. ગુજરાતની આ સફળતા માટે ઑક્ટોબર 2024માં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' સમારોહમાં ગુજરાતને ઉત્કૃષ્ટ જળ વ્યવસ્થાપન માટે સન્માનિત કર્યું હતું.સરદાર સરોવર યોજના દ્વારા 30 જિલ્લાઓના 10 હજારથી ગામો અને 183 શહેરોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત 'અમૃત સરોવર' પહેલ અંતર્ગત રાજ્યના 33 જિલ્લાઓમાં 2 હજાર 650 અમૃત સરોવરનું નિર્માણ થયું છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ..)*

# WEATHER UPDATE

રાજ્યમાં 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. જોકે, ત્યારબાદ મહત્તમ તાપમાનમાં

બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધશે. જ્યારે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 કલાક બાદ ગરમ ભેજયુક્ત પવનોના કારણે બફારો અનુભવાશે તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન ખાતા)

છેલ્લા 24 કલાકમાં રાજ્યનું મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. દરમિયાન રાજકોટ અને બનાસકાંઠાના ડીસામાં મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે અમદાવાદ, વડોદરા, કંડલા હવાઈમથક, અમરેલી, મહુવા, કેશોદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સુધી રહ્યું હતું.

# CIVIL ORGAN DONATE

અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ગઈકાલે 185મું અંગદાન થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશના અને ઘણા સમયથી અમદાવાદમાં રહેતાં આરોગ્યકર્મીનો 18 માર્ચે અકસ્માત થયો હતો. સારવાર દરમિયાન તેમને બ્રેઈનડેડ જાહેર કરાતા તેમના પરિવારજનોએ અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો. આ અંગદાનથી ચાર જરૂરિયાતમંદ પીડિતોને નવજીવન મળશે. આ અંગે અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ માહિતી આપી.

(બાઈટઃ ડૉ. રાકેશ જોષી, સુપરિન્ટન્ડન્ટ, સિવિલ હૉસ્પિટલ)

# CM PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહિલાઓને શક્તિ અને તેમનું સામર્થ્ય દરેક ક્ષેત્રે દિશાસૂચક બન્યું હોવાનું જણાવ્યું હતું. ગઈકાલે એક કાર્યક્રમમાં સંબોધન કરતા નાસાનાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, આજે અવકાશથી લઈ સ્ટાર્ટ-અપ સુધી દરેક ક્ષેત્રે મહિલાઓ અગ્રેસર છે. દરમિયાન શ્રી પટેલે સૌને સ્વચ્છાગ્રહી બનવા, ગ્રીન કવર વધારવા, મેદસ્વિતા સામે લડવા તેમ જ પાણીનો કરકસર રીતે ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શ્રી પટેલના હસ્તે મહિલા સશક્તિકરણ સહિત વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારી અને સમાજ સેવા કરનારી મહિલાઓનું સન્માન કરાયું હતું.

# ST – MANN PHAVE TYA PHARO

આગામી ઉનાળુ વેકેશન માટે ગુજરાત રાજ્યમાર્ગ પરિવહન નિગમ-GSRTC દ્વારા મન ફાવે ત્યાં ફરો નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તે અંતર્ગત રાજ્યના લોકો 450થી લઈ એક હજાર 450 રૂપિયા સુધીમાં ચાર દિવસથી લઈ સાત દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ખૂણે મુસાફરી કરી શકે છે.

# PATAN

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે "એક દેશ એક ચુંટણી" અંતર્ગત વિકસિત ભારત યુવા સંસદનું આયોજન કરાયું. જિલ્લાના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને નહેરુ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના 34 વિદ્યાર્થીએ ભાગ લીધો. દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્ય રજુ કર્યા હતા. કાર્યક્રમમાં વિજેતા જાહેર કરાયેલા દસ વિદ્યાર્થીઓ હવે રાજ્ય સરકાર દ્વારા આયોજિત યુવા સંસદમાં ભાગ લેશે.